ગાંધીનગર સમાચાર



# સ્માર્ટસીટી પ્રોજેક્ટની દરખાસ્ત મંજૂર : કોંગ્રેસનો સભાત્યાગ

**મનપાની બેઠકમાં કોંગ્રેસ-ભાજપ વચ્ચે શાબ્દીકયુદ્ધ ખેલાયુ : સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં પસંદગી થતાં પાંચ વર્ષમાં વિકાસ પાછળ રૂ. ૧૫૦૦ કરોડ ખર્ચ કરી વિકાસના કામો હાથ ધરવામાં આવશે : મેયર પ્રવિણ પટેલ**





ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભાએ કોંગ્રેસના સભ્યોએ કરેલા સભાત્યાગ બાદ સ્માર્ટ સીટી અંગેની દરખાસ્ત સર્વાનુમતે પસાર કરી રાજ્ય સરકાર મારફત કેન્દ્રને મોકલી આપવાના કામને બહાલ રાખ્યુ હતુ.

સભાત્યાગ કરતાં કોંગ્રેસના સભ્યોએ પક્ષ પલ્ટુ મેયર રાજીનામુ આપે તેવા પ્લે કાર્ડ બતાવી વાતાવરણને ઉત્તેજીત કરવાનો ક્ષણિક પ્રયાસ કર્યો હતો પરંતુ ભાજપે કોઈ જ વળતી પ્રતિક્રિયા ના આપતાં કોંગ્રેસના સભ્યો ગૃહ છોડી જતા રહ્યા હતા.

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભામાં આજે કમિશનર તરફથી આવેલ સ્માર્ટ સીટી અંગેની દરખાસ્ત રજુ કરતાં મેયરે જણાવ્યું હતું કે આ બીજા તબક્કાની દરખાસ્ત છે. આપણે સૌ હકારાત્મક મન સાથે તેને સર્વાનુમતે બહાલ રાખીએ, આપણો સ્માર્ટસીટીમાં સમાવેશ થશે તો પાંચ વર્ષમાં રૂ. ૧૫૦૦ કરોડનો ખર્ચ વિકાસ કામો પાછળ થશે. મેયરે જણાવ્યું હતું કે વિકાસ નગરનો થશે સુવિધા વધશે.

આજે સ્માર્ટ સીટીની દરખાસ્તને લઈ કોંગ્રેસ પક્ષે સારો એવો વિરોધ કરી શહેરની પાયાની જરૂરિયાતો શાળાના શિક્ષકો, બંધ પડેલા દવાખાના પુનઃ કાર્યન્વીત કરવા તેમજ નાગરિકોના હિતોની જાળવણી સાથે મળેલ સત્તાઓની સેવાઓના સઘનીકરણ કરવાની વાત રજુ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## રાજકીય અવલોકન નહિ પણ નગરના હિત માટે સૂચનો કરવા બેય પક્ષને ટપારતા મેયર

ગાંધીનગર, તા. ૧૬

આજે ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભામાં મેયર પ્રવિણ પટેલે ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષના સભ્યોને ટપારતાં રાજકીય અવલોકનોથી પર રહી નગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થાય તે માટે રચનાત્મક રજુઆતો કરવામાં આવે તેવો આગ્રહ રાખ્યો હતો.

- મહાનગરપાલિકાની સામાન્ય સભામાં મેયર પ્રવિણ પટેલને સ્માર્ટ મેયર અમારા હતા તમે તો અપહરણકર્તા છો તેવા આક્ષેપ કોંગ્રેસી સભ્યોએ કર્યા ત્યારે વાતાવરણ ઉગ્ર થશે તેમ લાગતુ હતુ પરંતુ મેયરની ટકોર પછી મામલો ત્યાં જ શાંત જોવા પામ્યો હતો.
- ભાજપના કાર્તિક પટેલે જર્નુમમાં ગાંધીનગરનો સમાવેશ થશે તેવી ખાત્રી સત્તા મેળવનાર કોંગ્રેસના કોર્પોરેટરો છેક દિલ્હી જઈ લઈ આવ્યા હતા અને કશું થયુ નહિ એટલે કોંગ્રેસના સભ્યોએ ભાજપ તરફ નજર કરી હતી તેવી ટિપ્પણીના જવાબમાં કોંગ્રેસે ઉપરોક્ત શબ્દો પ્રયોજ્યા હતા.
- કાર્તિક પટેલે મેયરની ખાત્રી માંગતી કોંગ્રેસને રચનાત્મક વાતો કરવાની પણ સલાહ આપી હતી. ભાજપના ધીરૂભાઈ ડોડિયાએ વિરોધ કરવો જોઈએ પણ વિકાસમાં સમર્થન આપો તેવો આગ્રહ કર્યો હતો.
- જર્નુમમાં તો કોંગ્રેસે પૈસા આપ્યા ત્યારે જ અમદાવાદ સહિતના શહેરોમાં વિકાસના કામ થયા હતા તેવી કોંગીના ચીમન વિંઝુડાએ જણાવ્યું હતું.
- વિકાસની ગતિ પર લગાવેલા સીલ દૂર કરો પછી ગતિશીલની વાત કરો તેમ શૈલેન્દ્રસિંહ બિહોલાએ કહ્યુ હતુ.

## મનપા બેઠકની સાથે...સાથે...

- ગાંધીનગર મહાનગરપાલિકાના નવા રચાયેલ બોર્ડની આજે મળેલ બેઠક એક કલાક કરતાં પણ વધુ સમય ચાલી હતી.
- મેયરની વરણી પછી પહેલીવાર મળેલી બેઠકમાં સભ્યોની બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરાયો છે.
- આજે મનપાની બેઠકમાં પહેલીવાર સ્માર્ટસીટીને લઈ પ્રેઝન્ટેશન રજુ કરાયું હતું.
- મનપાની બેઠકમાં પાછળના ભાગે બેઠેલા પત્રકારોને સાંભળવાની પણ તકલીફ પડતી હતી. માઈકો બરાબર ચાલતા ન હતા.
- આ બેઠકમાં સલામતી માટેની પણ પુરતી વ્યવસ્થાઓ કરાઈ હતી.
- મનપાની બેઠકના આરંભે જ વોર્ડ નં. ૩ના કાર્યકરોના ભારથી પ્રેક્ષક દીર્ઘાની એક બેંચ તુટી જવા પામી હતી.
- આજની બેઠકમાં ચર્ચાઓમાં શાબ્દીક યુદ્ધ સારૂ એવુ જામ્યુ હતુ. જો કે યુવા સભ્યોએ વોર્ડના પ્રશ્નોને લઈ રજુઆત કરવાનો પ્રયાસ કર્યો હતો.

# શહેરમાં વરસાદ પુર્વે જોખમી સરકારી આવાસો અંગે સર્વે

**અગાઉ પણ સે-૭ માં એક બ્લોક જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ**

ગાંધીનગર તા ૧૬

શહેરમાં સરકારી મકાનોના નવા બ્લોક બાંધવાનુ કામ ચાલી રહયુ છે. બીજીતરફ સેકટરોમાં મકાનોનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. વરસાદી દિવસો નજીકમાં છે. ત્યારે સરકારી આવાસોના વિવિધ બ્લોકના બાંધકામ અંગે પણ સર્વે હાથ ધરવામાં આવ્યો છે. વરસાદી દિવસોમાં સરકારી બ્લોક જોખમી પુરવાર ન થાય તે માટે તંત્રની ટીમ દ્વારા દરેક કેટેગરીના બ્લોકના બાંધકામને ચકાસવામાં આવી રહયુ છે. આ અન્વયે સે-૭ ના એક સરકારી બ્લોકને ખાલી કરાવી તોડી નાંખવા માટે વિભાગને દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસોમાં વારંવાર પોપડા ખરવા સહીત સ્લેબ તુટી જતો હોવાના ભયજનક કીસ્સાઓ પણ પ્રકાશમાં આવે છે. ત્યારે સરકારી મકાનોમાં રહેતા રહીશોની સલામતી સામે પણ પ્રશ્ન મંડરાય છે. સેકટરના સરકારી આવાસમાં રહીશોને માથે સલામત છત નસીબ ન થતી હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. એકબાજુ નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. ત્યારે બીજીતરફ નવા સરકારી બ્લોક બાંધવા માટેનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. વરસાદી દિવસો નજીકમાં છે. આવા સંજોગોમાં સરકારી આવાસોની સલામતીનો તાગ મેળવવા આવાસોના બાંધકામની ચકાસણી હાથ ધરવામાં આવી છે. શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા છે.જયારે હજુ પણ મોટા ભાગના આવાસો ભયજનક હાલતમાં હોવાનો આક્રોશ સેવાઈ રહયો છે. વરસાદી દિવસોમાં પોપડા ખરવા સહીતના કિસ્સાઓ વિશેષ ધ્યાને આવતા હોય છે. ત્યારે ચોમાસા પુર્વે તંત્ર દ્વારા જોખમી આવાસો માટે સર્વે હાથ ધરવામાં આવ્યો છે. અગાઉ પણ સેકટર -૭ માં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ અન્ય એક જોખમી બ્લોક ધ્યાને આવતા તંત્ર દ્વારા આ બ્લોકને તોડી નાંખવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

# શહેરમાં ૨૫૯ બાળકોએ ધોરણ-૧ માં પ્રવેશ મેળવ્યો

**પેથાપુર, ગોકુળપુરા અને માઉન્ટ કાર્મેલ સહિતની સંસ્થાઓમાં પ્રવેશોત્સવ ઉજવાયો : આજે વિદ્યાર્થીનીઓએ વધુ પ્રવેશ મેળવ્યો**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં પ્રવેશોત્સવના બીજા દિવસે ૨૫૯ બાળકોએ ધો. ૧માં પ્રવેશ મેળવ્યો હતો જયારે જિલ્લાના શહેરી વિસ્તારોમાં કુલ ૬૩૯ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો.

શહેરમાં આજે ૧૨૨ કુમાર અને ૧૩૭ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો હતો. જેમાં ૪ બાળકોનું પુનઃ નામાંકન કરાયું હતું. ધો. ૯માં ૬૩૮ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો.

ગાંધીનગર શહેર નજીક પેથાપુર ખાતે પ્રવેશોત્સવ કાર્યક્રમમાં હાજરી આપવા ગયેલા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી ગીતાબેન પટેલે પ્રા. શાળાને ૧૦૦ વર્ષથી પણ વધુ જૂની હોવા છતાં તંત્ર દ્વારા સરકારની સ્થાયી સૂચના પછી વિશેષ ઉજવણી ન કરાતાં તીવ્ર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે શૌચાલયની સ્થિતિને લઈ પણ રોષ વ્યક્ત કરી તંત્રને તાબડતોબ જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યુ હતુ.

ગોકુળપુરામાં ધારાસભ્ય અશોક પટેલે બાળકોને પ્રવેશોત્સવ કરાવ્યો હતો અને શિક્ષણ જાગૃતિથી સમાજ રચનામાં આવનારા બદલાવ અંગે સૌને વાકેફ કરી શિક્ષણની પવિત્રતામાં સૌને સહયોગ આપવા અપીલ કરી હતી. અગ્ર સચિવ એમ.એસ. ડાગુરે માઉન્ટ કાર્મેલ ખાતે પ્રવેશોત્સવના કાર્યક્રમમાં હાજરી આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# ઘ-૪ થી પથિકાશ્રમ સુધી સર્વિસ રોડ બનાવાની યોજના અધ્ધરતાલ

**મુખ્ય માર્ગ પરના ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે સર્વિસ રોડના આયોજનને આખરી કરવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી**

ગાંધીનગર તા ૧૬

શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનુ પ્રમાણ વધી રહયુ છે.ત્યારે મુખ્ય માર્ગ પર ટ્રાફિકનુ ભારણ ઘટાડી માર્ગ સલામતીની દ્રષ્ટીએ અસરકારક રોડ નેટવર્ક ઉભુ કરવા સર્વિસ રોડ બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. નગરના મુખ્ય ઘ માર્ગ ઉપર પણ ઘ-૪ થી પથિકાશ્રમ સુધી સર્વિસ રોડ બનાવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી આ મામલે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. જેના લીધે પીક અવર્સમાં મુખ્ય માર્ગ પર ટ્રાફિકના ધમધમાટ સાથે ચક્કાજામના દ્રશ્યો જોવા મળી રહયા છે.

શહેરમાં દિનપ્રિતિદિન માર્ગ અકસ્માતોનુ પ્રમાણ વધી રહયુ છે. ત્યારે માર્ગ અકસ્માતમાં મૃત્યુ આંકને ડામવા માટે પોલીસ તંત્ર દ્વારા હેલ્મેટને ફરજિયાત અમલી બનાવી કડક રાહે કાર્યવાહી હાથ ધરી છે. શહેરમાં માર્ગ સલામતીની દ્રષ્ટીએ હજુ પણ ઘણાં અસરકારક પગલા લેવાની અનિવાર્યતા વર્તાઈ રહી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે નગરના ક્રોસ રોડસ બંધ કરી દેવાની સાથે ગતિ નિયંત્રણની બાબતો પણ વિસરાઈ છે.

જયારે શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે સર્વિસ રોડ બનાવાની યોજના પણ હજુ આખરી થતી નથી. અગાઉ શહેરના મુખ્ય ઘ માર્ગ પર ઘ-૪ થી પથિકાશ્રમ સુધી સર્વિસ રોડ બનાવવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જેમાં રૂટમાં આવતા કોર્ટ બિલ્ડીંગ તેમજ પથિકાશ્રમની જગ્યાનો રોડ સાઈડનો ઉપયોગ કરવા માટે પણ જરૂરી ગતિવિધિઓ હાથ ધરવા માટે તંત્ર દ્વારા પત્ર લખવામાં આવ્યો હતો. પરંતુ લાંબા સમયના અંતે પણ સર્વિસ રોડના આયોજનનુ કોઈ ઠેકાણુ પડયુ નથી. શહેરના મુખ્ય માર્ગ પર એકબાજુ ટ્રાફિકનુ પ્રમાણ વધી રહયુ છે. ત્યારે પીક અવર્સમાં ચક્કાજામના દ્રશ્યો સર્જાય છે. મોટાભાગની સરકારી કચેરી પણ આ રૂટમાં સ્થિત હોવાથી ઓફિસ સમય દરમિયાન સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા મુખ્યમાર્ગના ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે સર્વિસ રોડ માટે દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી આ દરખાસ્ત ધુળ ખાય છે.



દબાણ દૂર કરાયા - શહેરની ફૂટપાથો પર વધતા દબાણો સામે તંત્ર લાલઆંખ કરી રહ્યું છે... સેક્ટર-૨૧ની ફૂટપાથ પર જામેલ દબાણોને હટાવવા છેલ્લા બે દિવસથી તંત્રએ ભારે જહેમત ઉઠાવી હતી... પરિણામે ફૂટપાથ 'ફૂટપાથ' જેવી લાગતી હતી... કેટલા દિવસ ફૂટપાથની સુંદરતા ટકશે એ તો ઈશ્વર અને તંત્ર જાણે... પરંતુ તંત્રની કડકાઈ નગરજનો આવકારે છે...

## શહેરમાં ગરમી વધી : તાપમાન ૪૦.૮ ડિગ્રી

અમદાવાદ,તા. ૧૬

ગાંધીનગર સહિત રાજ્યભરમાં ગરમીનું પ્રમાણ હજુ પણ એકદમ ઘટી રહ્યું નથી. આજે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૦.૮ ડિગ્રી રહ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૯.૮ ડિગ્રી રહ્યું હતું.

હવામાન વિભાગ તરફથી ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે. જો કે, છેલ્લા કેટલાક દિવસથી આ આગાહી કરાયેલી છે પરંતુ વરસાદ પડી રહ્યો નથી. આજે અમદાવાદમાં ૪૦થી ઉપર પારો રહ્યો હતો. ગાંધીનગર, વીનગર, સુરેન્દ્રનગરમાં પણ પારો ૪૦થી ઉપર રહ્યો હતો. કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ ગુજરાતના જુદા જુદા ભાગોમાં પણ હળવા વરસાદી ઝાપટાની આગાહી કરવામાં આવી છે જેમાં દક્ષિણ ગુજરાત, દમણ, દાદરાનગર હવેલીનો સમાવેશ થાય છે.

# ૨૧મી બાદ રાજ્યમાં વરસાદની આગાહી

**આગામી છઠ્ઠી જુલાઈથી નિરનિરંતર ચોમાસાનો આરંભ થશે : અંબારામ પટેલ**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે વરસાદ અંગે જોતા આ વખતે સૂર્યના રોહિણી નક્ષત્રમાં કોઈ કોઈ ભાગોમાં વરસાદ કે છાંટા થવામાં છે. વરસાદની ગતિવિધિ સામાન્ય રીતે સૂર્યના રોહિણી નક્ષત્રમાં એટલે કે લગભગ ૨૫મે પછી પ્રી મોન્સુન વરસાદની ગતિવિધિ વધતી હોય છે અને ત્યાર પછી સાનુકૂળ સ્થિતિમાં નિયમિત ચોમાસુ આવતુ હોય છે. આ વખતની સ્થિતિ જોતાં સૂર્ય મૃગશિર્ષ નક્ષત્રમાં તા. ૭મી જૂનની રાત્રે ૨૩.૫૬ કલાકે આવેલ છે. ગંગા-જમનાના મેદાનો તપે તો ચોમાસુ સારૂ આવે. ભારતના ચોમાસા ઉપર વૈશ્વિક હવામાનની અસરો પણ પડતી હોય છે.

દક્ષિણ ગોળાર્ધમાં પર્વતતા હવામાનની સ્થિતિ આફ્રિકાના તેમજ હિંદની સરહદે ચીન વિગેરેના હવામાનનો ઘેરો પ્રભાવ ભારતનો મોસમ પર પડે છે. જુદા જુદા ભાગોમાં હવાના દબાણો, ભિન્ન ભિન્ન રચાતા ભારતીય ચોમાસાના તાણાવાણા પર પણ અસર પડતી હોય છે. મૃગશિર્ષ નક્ષત્રમાં પવન જોરથી વાય તો મોસમનુ વહન દરિયા ઉપરથી ખેંચાઈ આવતુ હોય છે. આ વખતે ઘણા જાણ્યા અજાણ્યા બળોને કારણે જુન તા. ૧૫ પછી પણ વરસાદ ક્યારે આવશે તેના વાવડ જણાતા નથી. વળી વનસ્પતિ પશુપંખી વગેરે ઉપર પણ ભેજ ઉકળાટની અસર જણાતી નથી. ભેજનું પ્રયાણ વધે અને સાનુકૂળ સ્થિતિ સર્જાય તો ભેજ કરતાં આકાશમાંથી વરસાદ નીચે આવી શકે.

● અનુસંધાન પાન-૭ પર

## જાહેર હરાજી

આથી રસ ધરાવતા તમામને S.M.C. રામપુરા (ભોયણ) પ્રાથમિક શાળા, તા.જી. ગાંધીનગર દ્વારા જણાવવાનું કે, રામપુરા (ભોયણ) પ્રાથમિક શાળાના જર્જરિત ઓરડો - ૧ કાટમાળ સહિતની જાહેર હરાજી તા. ૨૦/૬/૨૦૧૬ને (સોમવાર)ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. જેની અપસેટ વેલ્યુ ૧૬,૫૯૮/- (સોળ હજાર પાંચસો અઠ્ઠાણુ રૂપિયા પુરા) છે. બોલી અને શરતો સ્થળ પર જાહેર કરવામાં આવશે. રસ ધરાવતા તમામે સમયસર હાજર રહેવું.

અધ્યક્ષ - S.M.C. સમિતિ
રામપુરા (ભોયણ) પ્રાથમિક શાળા
તા.જી. ગાંધીનગર

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૮/૬/૨૦૧૬, શનિવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વિજ પુરવઠો સવારના ૧૦-૩૦ કલાકથી બપોરના ૪-૦૦ કલાક સુધી બંધ રહેશે. જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

(૧) સેક્ટર-૪/એ સબસ્ટેશન
(૨) સેક્ટર-૪/ડી સબસ્ટેશન
(૩) સેક્ટર-૪/બી સબસ્ટેશન

સહી/-
ટોરેન્ટ પાવર લીમીટેડ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com